# મેસેચ્યુસેટ્સ
# પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ

*75 Pleasant Street, Malden, Massachusetts 02148-4906*

*ટેલિફોન: (781) 338-3000*
*TTY: N.E.T. Relay 1-800-439-2370*

Jeffrey C. Riley
*કમિશનર*


સપ્ટેમ્બર 2023

પ્રિય વાલીઓ અને 2025 ના વર્ગના વિદ્યાર્થીઓના માતા-પિતા (હાઈ સ્કૂલ જુનિયર):

વસંત 2023ના 10માધોરણના MCAS પરીક્ષાઓના તમારા બાળકના પરિણામો અહીં સાથે જોડાયેલા છે રિપોર્ટનું આગળનું પૃષ્ઠ એક ચાર્ટ દર્શાવે છે જે અંગ્રેજી ભાષાનું આર્ટ, ગણિત અને વિજ્ઞાન અને ટેકનોલોજી/એન્જિનિયરિંગના મૂલ્યાંકનમાંથી તમારા બાળકના પરિણામો દર્શાવે છે. પરિણામો મહત્વપૂર્ણ છે, કારણ કે યોગ્યતા નિર્ધારણ (Competency Determination, CD) મેળવવું એ ગ્રેજ્યુએશનની આવશ્યકતા છે. CD ઉપરાંત, વિદ્યાર્થીઓએ હાઇ સ્કૂલ ડિપ્લોમા મેળવવા માટે તમામ સ્થાનિક સ્નાતક જરૂરિયાતોને પૂર્ણ કરવી આવશ્યક છે.

**ઇંગ્લીશ લેંગ્વેજ આર્ટસ (English language arts , ELA) અને ગણિત**માં, તમારા બાળકની કસોટી માટે ત્રણ સંભવિત પરિણામો છે. તમારા બાળકે કઢાચ:

- ELAમાં 472 કે તેથી વધુ અને ગણિતમાં 486 કે તેથી વધુનો સ્કોર મેળવીને એક અથવા બંને વિષયોમાં MCAS ગ્રેજ્યુએશનની જરૂરિયાત પૂરી કરી છે.
- ELA માં 455 અને 471 ની વચ્ચે અથવા ગણિતમાં 469 અને 485 ની વચ્ચે સ્કોર મેળવ્યો, પરંતુ તે વિષયના ક્ષેત્રમાં સ્નાતક થવા માટે શૈક્ષણિક પ્રાવીણ્ય યોજના પૂર્ણ કરવાની જરૂર છે (www.doe.mass.edu/assessment/epp). દરેક EPPમાં તમારા બાળકની શક્તિઓ અને નબળાઈઓની સમીક્ષા, તેણે ગ્રેડ 11 અને 12માં જે અભ્યાસક્રમો લેવા જોઈએ અને પૂર્ણ કરવા જોઈએ, અને તમારું બાળક પ્રાવીણ્ય તરફ આગળ વધી રહ્યું છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે શાળા દ્વારા સંચાલિત મૂલ્યાંકનોનું વર્ણન શામેલ હશે.
- MCAS ગ્રેજ્યુએશનની જરૂરિયાત પૂરી કરતું નથી, આ સ્થિતિમાં તમારું બાળક જરૂરિયાતને પહોંચી વળવા માટે (જો જરૂરી હોય તો ઘણી વખત) પરીક્ષા ફરી આપી શકે છે. ELA અને ગણિત માટે પ્રથમ પુનઃપરીક્ષણની તકો અનુક્રમે નવેમ્બર 8-9 અને નવેમ્બર 14-15, 2023 ના રોજ નિર્ધારિત કરવામાં આવી છે.

**વિજ્ઞાન અને ટેક્નોલોજી/એન્જિનિયરિંગ (Science and technology/engineering, STE)**, 2025 ના વર્ગના વિદ્યાર્થીઓ MCAS ગ્રેજ્યુએશનની આવશ્યકતા કાં તો જીવવિજ્ઞાન અથવા પ્રારંભિક ભૌતિકશાસ્ત્રની પરીક્ષા આપીને અથવા રસાયણશાસ્ત્ર અથવા તકનીકી/એન્જિનિયરિંગની પરીક્ષાનું લેગસી સંસ્કરણ લઈને પૂર્ણ કરશે. મહેરબાની કરીને નોંધ લો કે જૂન 2023માં રસાયણશાસ્ત્ર અને ટેક્નોલોજી/એન્જિનિયરિંગ ની પરીક્ષાઓ આ બે પરીક્ષાઓનું અંતિમ કાર્ય હતું.
સંલગ્ન રિપોર્ટમાં, તમારા બાળકની STE કસોટી માટે બે સંભવિત પરિણામો છે. તમારા બાળકે કઢાચ:

- STE ગ્રેજ્યુએશનની આવશ્યકતા નીચે પ્રમાણે પૂરી કરી:
  - રસાયણશાસ્ત્ર અથવા ટેક્નોલોજી/એન્જિનિયરિંગમાં 220 (*સુધારણાની જરૂર છે*) અથવા તેનાથી વધુ સ્કેલ મેળવ્યા છે; અથવા

- બાયોલોજીમાં 467 અથવા તેથી વધુનો સ્કોર અથવા પ્રારંભિક ભૌતિકશાસ્ત્રમાં 470 અથવા તેથી વધુનો સ્કોર મેળવ્યો.
- MCAS ગ્રેજ્યુએશનની જરૂરિયાત પૂરી ન થતી હોય તેવી સ્થિતિમાં, તમારું બાળક જરૂરિયાતને પહોંચી વળવા માટે (જો જરૂરી હોય તો ઘણી વખત) પરીક્ષા ફરી આપી શકે છે. જીવવિજ્ઞાનઅને પ્રારંભિક ભૌતિકશાસ્ત્ર માટેની પ્રથમ પુનઃપરીક્ષા ફેબ્રુઆરી 6-7, 2024 ના રોજ નિર્ધારિત થયેલ છે.

જે વિદ્યાર્થીઓએ અંગ્રેજી ભાષાનું આર્ટ, ગણિત અથવા STE માં આવશ્યકતા પરિપૂર્ણ કરી નથી, MCAS પર્ફોર્મન્સ અપીલ પ્રક્રિયા વિદ્યાર્થીઓ માટે રાજ્યના CD ધોરણને પહોંચી વળવા અથવા તેનાથી આગળ વધવા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યો ધરાવે છે તે દર્શાવવાની બીજી રીત પૂરી પાડે છે. પાત્રતા આવશ્યકતાઓ સહિત વધારાની માહિતી, અહીં ઉપલબ્ધ છે www.doe.mass.edu/mcasappeals , અથવા તમે હાઇસ્કૂલના આચાર્ય અથવા માર્ગદર્શન કચેરીનો સંપર્ક કરી શકો છો.

તમારા બાળકના MCAS સ્કોર્સ તેમને મેસેચ્યુસેટ્સ પબ્લિક કૉલેજ અથવા યુનિવર્સિટીમાં ટ્યુશન ક્રેડિટ પણ અપાવી શકે છે. જ્હોન અને એબીગેઇલ એડમ્સ શિષ્યવૃત્તિ માટે લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓને (www.doe.mass.edu/scholarships/adams) તેમના સીનિયર વર્ષ દરમિયાન આપમેળે સૂચિત કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓ સ્ટેનલી સી. કોપલિક સર્ટિફિકેટ ઓફ માસ્ટરી માટે પાત્ર છે (www.doe.mass.edu/scholarships/mastery) તેમણે તેમના સીનિયર વર્ષ દરમિયાન અરજી કરવી આવશ્યક છે.

જે વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએશન માટે MCAS ની આવશ્યકતાઓ પૂરી કરતાં નથી, તેમને ભવિષ્ય માટે તૈયાર કરવામાં મદદ કરવા માટે વધારાની તકો ઉપલબ્ધ છે, જેમાં હાઇ સ્કૂલ પ્રોગ્રામ્સ, કોમ્યુનિટી કૉલેજ પ્રોગ્રામ્સ અને વર્ક એન્ડ લર્નિંગ પ્રોગ્રામ્સનો સમાવેશ થાય છે. આ રીતો અને અન્ય વિકલ્પો વિશે વધુ માહિતી www.doe.mass.edu/ccte/ccr/hqccp અહીં ઉપલબ્ધ થઈ શકે છે.

જો તમને તમારા બાળકના પરિણામો વિશે પ્રશ્નો હોય, તો કૃપા કરીને તમારા બાળકના માર્ગદર્શન સલાહકારનો સંપર્ક કરો. જો તેઓ તમારા પ્રશ્નનો જવાબ આપી શકતા નથી, તો કૃપા કરીને અમારો અહીં સંપર્ક કરો mcas@doe.mass.edu અથવા 781-338-3625.

નિષ્ઠાપૂર્વક,

Jeffrey C. Riley
પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કમિશનર